# Virtual meeting between Minister of State for External Affairs and Vice Minister of Foreign Affairs of Indonesia

June 10, 2021

---

# રાજ્યકક્ષાના વિદેશમંત્રી અને ઈન્ડોનેશિયાના ઉપ-વિદેશમંત્રી વચ્ચે વર્ચ્યુઅલ બેઠક

જૂન 10, 2021

રાજ્યકક્ષાના વિદેશમંત્રી અને સંસદીય બાબતોના મંત્રી શ્રી વી. મુરલીધરને 10 જૂન 2021ના રોજ ઈન્ડોનેશિયાના ઉપ-વિદેશમંત્રી મહામહિમ મહેન્દ્ર સિરેગર સાથે વર્ચ્યુઅલ બેઠક યોજી હતી. રાજ્યકક્ષાના વિદેશમંત્રીએ કોવિડ-19 મહામારીનો સામનો કરવામાં ભારતને મદદ કરવા માટે રાહત સામગ્રી મોકલવા બદલ ઈન્ડોનેશિયા સરકારનો આભાર માન્યો હતો.

બેઠક દરમિયાન બંને નેતાઓએ ભારત-ઈન્ડોનેશિયાના દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી હતી જેમાં અનેક ક્ષેત્રોને આવરી લેવાય છે. તેમણે પ્રાદેશિક પ્રશ્નો અને બહુસ્તરીય ક્ષેત્રે સહકારની ચર્ચા પણ કરી હતી. બંને નેતાઓએ ભારત-ઈન્ડોનેશિયા સંપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા અંગે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

**નવી દિલ્હી**
**જૂન 10, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.